# નદી પાર કરનારા તીર્થયાત્રીઓ

## ઈશા સરદેસાઈ દ્વારા પુનર્લિખિત

એક માણસ નદીના કિનારે ઊભો હતો અને નીલા-રાખોડી રંગના પાણીને સંદેહપૂર્વક એકીટશે જોઈ રહ્યો હતો. તેની નજર થોડે દૂર રહેલી સાવ જૂની નાવડીઓ પર ગઈ. તેની પાછળ કોઈના હાંફવાનો અવાજ આવ્યો, તેથી તે સમજી ગયો કે પાછળ રહી ગયેલા તેના સાથીઓ હવે તેની પાસે પહોંચી ગયા છે, અને હવે તેઓ બધાં, દસેય લોકો નદીના કિનારે ભેગાં થઈને એકસાથે તેમની સામે વહેતા પાણીના પ્રવાહને ધ્યાનથી જોઈ રહ્યાં હતાં.

નદી પહોળી હતી પરંતુ એટલી પહોળી નહોતી કે તેઓ સામેના કિનારાની જમીન ન જોઈ શકે. એ માણસ જે સમૂહની આગેવાની કરી રહ્યો હતો — તેણે પોતાના ખિસ્સામાંથી પિત્તળનું એક હોકાયંત્ર કાઢ્યું અને સાથે ઘસાઈ ગયેલો એક જૂનો નકશો પણ કાઢ્યો, જેને તેણે બહુ સારી રીતે વાળીને રાખ્યો હતો. તેણે નકશો ખોલ્યો, પોતાના ભવાં સંકોચ્યાં અને પછી નકશાને પાછો ખિસ્સામાં મૂકી દીધો. તેણે કહ્યું, ‘‘જુઓ, આપણે આ નદીને પાર કરીને સામેની તરફ જવું પડશે. ત્યાંથી આગળ આપણે ચાલીને જઈશું.’’

તેઓ ભારતની તીર્થયાત્રા પર હતાં, ઘણાં બધાં પાવન તીર્થધામો અને સુંદર સ્થળોની મુલાકાત લઈ રહ્યાં હતાં. મોટાભાગે તેમણે આ યાત્રા પગપાળા જ કરી હતી, પરંતુ ક્યારેક-ક્યારેક તેમને પરિવહનનાં અન્ય સાધનોનો ઉપયોગ કરવો પડતો હતો, જેમકે અત્યારે તેઓ આ નાવડી દ્વારા નદી પાર કરવાનાં હતાં.

‘‘ચાલો, ચાલો, આપણે આ નાવડીઓમાં જઈશું,’’ એ માણસે નાવડીઓ તરફ જતા સમૂહને તેની પાછળ-પાછળ આવવાનો ઈશારો કરીને કહ્યું. થોડીવારમાં જ, બધાં પોતપોતાની નાવડીમાં બેસી ગયાં અને તેમણે જળયાત્રા શરૂ કરી.

નદીને પાર કરવાની આ યાત્રા મુશ્કેલ સાબિત થઈ. કેટલીક જગ્યાએ પાણી ખૂબ જ ઊછળી રહ્યું હતું, અને દરેક વ્યક્તિને નાવડી ચલાવતા કે હલેસા મારતા આવડતું નહોતું. કેટલીકવાર તો તેઓ માંડ-માંડ બચ્યાં; નાવડીમાં વધારે પડતું પાણી છલકાઈને આવી ગયું હતું. તેઓ બધાં ત્યાંથી નીકળ્યાં ત્યારે એકબીજાની લગભગ નજીક-નજીક જ હતાં, તેમ છતાં નાવડીઓ બહુ જલ્દીથી વિખૂટી પડી ગઈ, જેના લીધે થયું એ કે તેમાંથી દરેક વ્યક્તિ સામેના કિનારે જુદાજુદા સમયે અને જુદીજુદી જગ્યાએ પહોંચી.

તેઓ બધાં નદીના બીજા કિનારે *પહોંચી તો ગયા*, પરંતુ પહોંચીને કિનારા પર એકબીજાથી દૂર-દૂર છૂટાં પડી ગયાં હતાં. તેઓ ડગમગતા પગલે નાવડીની બહાર નીકળી રહ્યાં હતાં, તેઓ થાકેલાં હતાં અને હાંફી રહ્યાં હતાં, તેમનાં ભીનાં વસ્ત્રો તેમનાં શરીરને ચોંટેલાં હતાં. જેવી તેમની નજર એકબીજા પર પડી કે તેઓ ધીરેધીરે ફરીથી એક જગ્યાએ ભેગાં થવાં લાગ્યાં.

જ્યારે તેઓ બધાં ફરીથી ભેગાં થઈ ગયાં, ત્યારે સમૂહના આગેવાને સલાહ આપી કે તેમણે ગણતરી કરીને એ ખાતરી કરી લેવી જોઈએ કે દરેક વ્યક્તિએ નદી પાર કરી લીધી છે. તેણે પોતાની પાસે ઊભેલી વ્યક્તિ તરફ આંગળી ચીંધીને કહ્યું, "એક."

તેણે આ માણસની બાજુમાં ઊભેલી મહિલાની સામે જોયું. "બે." અને પછી તેની બાજુની મહિલા. "ત્રણ."

આ રીતે, તે સમૂહના અંત સુધી પહોંચ્યો ત્યાંસુધી ગણતો રહ્યો. "સાત, આઠ, નવ..."

તે થોભ્યો. સમૂહનાં બાકી લોકોએ તેની સામે જોયું.

"નવ?" તેણે ફરીથી કહ્યું, તેના ચહેરા પર મૂંઝવણના ભાવ દેખાઈ રહ્યા હતા. "પરંતુ પેલા કિનારાથી તો આપણે દસ લોકો નીકળ્યાં હતાં. તો હવે ફક્ત નવ કેવી રીતે હોઈ શકે?"

સમૂહનાં બીજાં લોકો નદીના એ સુમસાન કિનારા પર જોવાં લાગ્યાં, જાણે તેઓ તેમના સમૂહના દસમા સદસ્યની રેતીમાંથી બહાર નીકળવાની આશા કરતા હોય.

અને પછી કોઈકે ડરતાં-ડરતાં કહ્યું, "આપણે કોઈને નદીમાં જ ગુમાવી દીધું કે શું?"

"ચૂપ," સમૂહની બીજી એક સદસ્ય, ટૂંકા વાળવાળી એક મહિલાએ કહ્યું. "જરૂર કોઈ ભૂલ થઈ છે. હવે, મને ગણવા દો. એક. બે. ત્રણ. ચાર. પાંચ. છ. સાત....આઠ....નવ?"

ગણતરીના અંત સુધી પહોંચતાં-પહોંચતાં તેનો અવાજ ધ્રુજવા લાગ્યો. "આવું કેવી રીતે થઈ શકે?" તેણે ગભરાઈને કહ્યું.

આ રીતે, બધાંએ વારાફરતી સમૂહમાં કેટલાં લોકો છે તે ગણવાનો પ્રયાસ કર્યો. પરંતુ, વારંવાર ગણવા છતાં નવ લોકો જ થયાં. દરેક નવી અને નિષ્ફળ ગણતરી સાથે તેઓ વધુ ભયભીત, વધુ નિરાશ થતાં ગયાં.

આ દરમ્યાન, બીજી એક નાવડી કિનારા પર આવી. તીર્થયાત્રીઓ પોતાની દુવિધામાં એટલા ડૂબેલા હતા કે એ તરફ તેમનું ધ્યાન પણ ન ગયું. તેમણે જોયું નહીં કે એક યુવા મહિલા સ્ફૂર્તિથી નાવડીમાંથી ઊતરી રહી છે અને એ પણ ન જોયું કે તેણે એક નાના છોકરાને ઊંચકીને બહાર કાઢ્યો.

એ મહિલા અને બાળક પોતાનો સામાન લઈને ઊભાં રહ્યાં અને સામે દેખાતા દૃશ્યને ધ્યાનથી જોવાં લાગ્યાં. તેમણે જોયું કે અહીં લોકોનો એક સમૂહ એકબીજાની તરફ ગાંડાની જેમ આંગળી ચીંધીને ચિંતાગ્રસ્ત અવાજમાં વારંવાર એકથી નવ સુધીની ગણતરી કરી રહ્યો હતો.

આ જોઈને બાળકે કૂતુહલથી નજર ઉપર કરીને તેની માતાની સામે જોયું. "મા, તેઓ શું કરી રહ્યાં છે?"

"ખબર નહીં," એ મહિલાએ ધીમેથી કહ્યું. "શું આપણે જઈને પૂછીએ કે તેમને કોઈ મદદની જરૂર છે?"

બાળકે માથું હલાવીને હા પાડી. તેની માતાએ તેનો હાથ પકડી લીધો અને તેઓ એ લોકોના સમૂહ પાસે ગયાં.

યુવા મહિલાએ વિનમ્રતાથી કહ્યું, “માફ કરજો, પણ શું કંઈ થયું છે જેને કારણે તમે ચિંતિત છો?”

સમૂહનો આગેવાન તે મહિલા તરફ ફર્યો. ચિંતાને કારણે તેનો ચહેરો લાલ પડી ગયો હતો.

“બહેન,” તેણે યુવા મહિલાને કહ્યું, “તમારો આભાર કે તમે અમારી મદદ કરવા માગો છો, પણ મને ડર છે કે અમારા સમૂહ માટે એક બહુ ખરાબ સમાચાર છે. અમે દસ લોકો આ તીર્થયાત્રા પર નીકળ્યાં હતાં, અને — અને, તમે જ જુઓ...” એ માણસ તેનું વાક્ય પૂરું ન કરી શક્યો, તેણે લાચારીથી બીજાં લોકો તરફ ઈશારો કર્યો.

આ સાંભળીને નાના છોકરાએ અચાનક કહ્યું, “શું હું ગણીને જોઉં? મને ગણવા દો. મને દસ સુધી ગણતા આવડે છે!”

એ તો સ્પષ્ટ હતું કે તે માણસ સહમત નહોતો, પરંતુ એવું લાગતું હતું કે તે એ બાળકના ઉત્સાહને તોડવા નહોતો માંગતો. તેણે સંમતિમાં પોતાનું માથું હલાવ્યું.

બાળકની આંખમાં ચમક આવી ગઈ અને તેણે ગણવાનું શરૂ કર્યું : “એક... બે... ત્રણ...” તે દરેક સંખ્યાને ધ્યાનપૂર્વક, ધીરેધીરે, એકાગ્રતાથી બોલી રહ્યો હતો, તેની આંખો એક વ્યક્તિ પરથી બીજી વ્યક્તિ પર જઈ રહી હતી.

“આઠ... નવ... દસ!” તેણે ઉત્સાહપૂર્વક ગણતરી પૂરી કરી.

સમૂહની દરેક વ્યક્તિ આશ્ચર્યથી તેની સામે જોઈ રહી હતી.

“આ કેવી રીતે થઈ શકે?” સમૂહના આગેવાને એ બાળકની માતા તરફ ફરીને કહ્યું. “અમે ગણ્યું ત્યારે ફક્ત નવ થયા, તો આ બાળકે દસ કેવી રીતે ગણ્યા?”

માતાએ સ્મિત કર્યું અને વિનમ્રતાથી બોલી, “ભાઈ, મને લાગે છે કે તમે બધાં લોકો ખુદને ગણવાનું ભૂલી ગયાં હતાં.”

*આ વાર્તા ભારતીય વેદાંતદર્શનના ગ્રંથમાં વર્ણિત એક પૌરાણિક કથા પરથી પ્રેરિત છે.*

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.